RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 166 * Date: 06.04.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટ્રમ્પના ટેરિફ બોમ્બથી ગુજરાતના ઉદ્યોગોને ઝટકો, ૮૦,૦૦૦ કરોડ ઉપરાંતની એક્સપોર્ટને અસર થશે




અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ બોમ્બ ફોડીને ભારત પર ૨૬% ટેરિફ ઝીંક્યો છે. જેના કારણે ગુજરાતના ઉદ્યોગો દ્વારા અમેરિકામાં થતી ૮૦,૦૦૦ કરોડ રુપિયા ઉપરાંતની નિકાસને પણ આ ટેરિફની અસર થશે. સ્વાભાવિક છે કે, ટેરિફના કારણે અમેરિકામાં આ વસ્તુઓ મોઘી થશે.આ પૈકીની ૧૦% નિકાસ અમેરિકામાં થાય છે. ગુજરાતના વિવિધ બંદરો પરથી જે પ્રોડકટસની અમેરિકામાં નિકાસ થાય છે તેમાં સૌથી વધારે પ્રોડક્ટસનું ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રિઝની પ્રોડકટસ એટલે કે દવાઓ આવે છે. ત્રીજા ક્રમે ડાયમંડ છે.

અમેરિકન પ્રમુખે કરેલી જાહેરાત પ્રમાણે ફાર્માસ્યુટિકલ્સ, સેમિ કન્ડકટર્સ, કોપર અને એનર્જી પ્રોડકટસ પર ૦% અને બાકીની પ્રોડક્ટસ પર ૨૭% ટેરિફ લાગશે. તેના કારણે ગુજરાતમાંથી સૌથી વધારે નિકાસ થતી પેટ્રોકેમિકલ પ્રોડક્ટ પર અને ફાર્માસ્યુટિકલ પ્રોડકટસ ટેરિફમાંથી અત્યારે બાકાત રહી શકી છે. બાકીની મોટાભાગની પ્રોડક્ટસને ૨૭% ટેરિફનો આંચકો સહન કરવાનો વારો આવશે. ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં એપ્રિલથી જાન્યુઆરી સુધીમાં ગુજરાતના વિવિધ પોર્ટ પરથી ૨૫,૫૦૦ કરોડ રૂપિયાની પેટ્રોકેમિકલ અને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાર્મા પ્રોડક્ટસ અમેરિકામાં એક્સપોર્ટ થઈ ચૂકી છે. આ સમયગાળા દરમિયાન ગુજરાતમાંથી થયેલી નિકાસનો આંકડો ૧.૧૨ લાખ કરોડ રૂપિયા જેટલો થવા જાય છે.અમેરિકામાં થતી નિકાસમાં વડોદરાની અને ગુજરાતની ફાર્મા કંપનીઓનો મોટો ફાળો છે.વડોદરામાં લગભગ ૧૫ જેટલા પ્લાન્ટ એવા છે જેમાં બનતી દવાઓ અમેરિકામાં વેચાય છે. કારણકે અમેરિકામાં ભારત ૧૨ અબજ ડોલરની દવાઓ એક્સપોર્ટ કરે છે. તેમાં ગુજરાતનો લગભગ ૩ થી ૪ અબજ ડોલરનો ફાળો હોવાનો અંદાજ છે. ગુજરાતમાં દવાઓના લગભગ ૩૦૦૦ જેટલા પ્લાન્ટ્સ છે. અમેરિકામાં વેચાતી ૪૫% ટકા જેનેરિક દવાઓ ભારતમાં બનેલી હોય છે. અત્યારે તો અમેરિકાએ ફાર્મા પ્રોડકટસને ટેરિફમાંથી બાકાત રાખી છે પરંતુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બહુ જલ્દી દવાઓ પર પણ અસાધારણ ટેરિફ નાખવાની જાહેરાત કરી છે. વડોદરા ફાર્મા ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશનના એકટિંગ પ્રેસિડેન્ટ ભરતભાઈ દેસાઈનું કહેવું છે કે, ટ્રમ્પ શું કરશે તે કહેવું મુશ્કેલ છે પરંતુ તેમની લેટેસ્ટ જાહેરાતથી ફાર્મા ઉદ્યોગોનું ટેન્શન વધ્યું છે તે ચોક્કસ છે.



## તંત્રી લેખ.......

# ટ્રમ્પે વિશ્વને મંદીમાં ધકેલ્યું : વૈશ્વિક બજારોમાં મંદીના મંડાણ

અમેરિકામાં આયાત પર વિશ્વના અનેક દેશો પર આકરાં ટેરિફ લાગુ કરનાર ડોનાલ્ડ ટ્રમ્પના આકરાં વલણ સામે જેવા સાથે તેવાની નીતિમાં ચાઈનાએ અમેરિકાથી થતી ચીજોની આયાત પર ૩૪ ટકા ટેરિફ ૧૦, એપ્રિલથી લાગુ કરવાનો નિર્ણય લેતાં આજે વૈશ્વિક બજારોમાં મહામંદીના મંડાણ થયા હતા. અમેરિકાના ટેરિફના પરિણામે વિશ્વ મહા વેપાર યુદ્ધના ખપ્પરમાં હોમાયું છે. યુરોપના દેશો પણ અમેરિકા સામે આકરાં ટેરિફ પગલાં લેવાની તૈયારીમાં હોવાના અહેવાલો પાછળ આજે વિશ્વભરના શેરબજારોમાં આવેલી ગભરાટભરી વેચવાલીના દબાણે ઝડપી પીછેહઠ જોવા મળી હતી.

અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફની વિશ્વ પર માઠી અસરની સાથે અમેરિકાનું અર્થતંત્ર પણ મોંઘવારી અને મંદીમાં સરી પડવાના અંદાજો વચ્ચે આજે ચાઈનાએ અમેરિકાની ચીજોની આયાત પર ૩૪ ટકા ટેરિફ લાદતાં વૈશ્વિક બજારોમાં સતત બીજા દિવસો ધબડકો બોલાયો હતો. અમેરિકી શેર બજારોમાં ગઈકાલે ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૬૭૯ પોઈન્ટ અને નાસ્દાક ઈન્ડેક્સ ૧૦૫૦ પોઈન્ટ જેટલા તૂટયા બાદ આજે-શુક્રવારે ડાઉ જોન્સમાં વધુ ૧૦૦૦ પોઈન્ટ અને નાસ્દાકમાં ૪૫૦ પોઈન્ટ જેટલો કડાકો બોલાયો હતો. આમ બે દિવસમાં ડાઉ જોન્સમાં ૨૮૦૦ પોઈન્ટ અને નાસ્દાકમાં ૧૭૦૦ પોઈન્ટનો કડાકો બોલાયો છે. યુરોપના દેશોના બજારોમાં પણ ધોવાણ થયું હતું. લંડન શેર બજારનો ફુત્સી સાંજે ૩૩૧ પોઈન્ટનો ઘટાડો, જર્મનીનો ડેક્ષ ૮૪૦ પોઈન્ટનો કડાકો અને ફ્રાંસનો કેક ૪૦ ઈન્ડેક્સ ૨૮૭ પોઈન્ટનો કડાકો બતાવતા હતા.ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા ટેરિફ લાગુ કર્યા સામે ફાર્મા, એનર્જી સહિતના સેક્ટરોને બાકાત રાખ્યા બાદ આજે ફરી ફાર્મા પર ટૂંક સમયમાં ટેરિફ જાહેર કરાશે એવા કરેલા નિવેદન અને ભારતમાં થતી મેટલની આયાત પર બિનજરૂરી ક્વોલિટી માપદંડોને દૂર કરવા દબાણની નેગેટીવ અસરે આજે ભારતીય શેર બજારોમાં મેટલ-માઈનીંગ, ફાર્મા, આઈટી-સોફટવેર સર્વિસિઝ, કેપિટલ ગુડ્ઝ-પાવર, કન્ઝયુમર ડ્યુરેબલ્સ, ઓટો શેરો પાછળ ધબડકો બોલાઈ ગયો હતો. સેન્સેક્સ ૯૩૦.૬૭ પોઈન્ટ તૂટીને ૭૫૩૬૪.૬૯ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ફરી ૨૩૦૦૦ની સપાટી ગુમાવી અંતે ૩૪૫.૬૫ પોઈન્ટ તૂટીને ૨૨૯૦૪.૪૫ બંધ રહ્યા હતા.અમેરિકાએ ચાઈના પર આકરાં ટેરિફ લાગુ કરતાં અને વળતાં ચાઈનાએ પણ અમેરિકા પર ટેરિફ લાદતાં વૈશ્વિક મેટલ વેપાર ખોરવાઈ જવાની દહેશત વચ્ચે લંડન મેટલમાં નોન-ફેરસ મેટલના ભાવો તૂટતાં અને ભારતના મેટલ આયાત માટેના ક્વોલિટી માપદંડો આકરાં હોવાનું કહી આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ આયાતની મંજૂરી આપવા ભારત પર દબાણ કરવાની શરૂઆતે આજે મેટલ-માઈનીંગ શેરોમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. ઓટોમોબાઈલ ક્ષેત્રે વાહનોની અમેરિકામાં આયાત પર આકરાં ટેરિફના પરિણામે ઓટો ઉદ્યોગમાં મંદીના એંધાણ વચ્ચે ફંડો ફરી મંદીમાં આવી મોટાપાયે વેચવાલ બન્યા હતા.

# ખડોલ પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો




બનાસકાંઠા જિલ્લાની સુઈગામ તાલુકાની ખડોલ પ્રા.શાળામાં અભ્યાસ કરતા ધો.૮ના બાળકોના વિદાય સમારંભનું આયોજન કરવામાં આળતા ખડોલ ગામના સરપંચ હીરજીભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ વિદાય સમારંભમાં તમામ બાળકોને ઉજ્જવળ કારકિર્દીની શુભકામના સાથે વિદાય આપવામાં આવી હતી.આ તકે ગામના સરપંચ તથા એસએમસી અને ગ્રામજનો હાજરી આપી હતી શાળાના mdm સંચાલક દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું .

# વરાછા સરકારી વિજ્ઞાન કોલેજની જમીન સુરત મનપા દ્વારા રાજ્યના શિક્ષણ વિભાગને સુપ્રત કરાઈ

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧માં વરાછા વિસ્તારમાં સરકારી વિજ્ઞાન કોલેજના નિર્માણને મંજૂરી આપી હતી. વર્ષ ૨૦૨૨ના નવા શૈક્ષણિક સત્રથી સીમાડા સ્થિત મનપાની નગર પ્રાથમિક શાળામાં કાર્યરત છે, ત્યારે સરકારી વિજ્ઞાન કોલેજના કાયમી નવા ભવનના બાંધકામ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા રાજ્યના શિક્ષણ વિભાગને વાલક પાટિયા પાસે ૧૭,૩૮૩ ચો.મી. જમીન સુપરત કરવામાં આવી છે. જે સંદર્ભે આજે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની પ્રેરક



ઉપસ્થિતિમાં વાલક પાટિયા સ્થિત પ્રસ્તાવિત બાંધકામ સ્થળે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ મનપા પાસેથી જમીનના દસ્તાવેજો સ્વીકાર્યા હતા.મંત્રીએ કહ્યું કે, સુરત મનપાને જમીનના પ્લોટ માટે સરકાર દ્વારા રૂ.૫૨ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. સુરતના વાલક ખાતે ૧૭,૩૮૩ ચો.મી. જગ્યા પર સાકાર થનાર અત્યાધુનિક સરકારી વિજ્ઞાન કોલેજ-વરાછા નજરાણા સમાન શિક્ષણધામ બનશે. હવે ઝડપભેર કોલેજના નવા ભવનના નિર્માણકાર્ય શરૂ કરવામાં આવશે.આ પ્રસંગે શિક્ષણ, માર્ગ મકાન વિભાગ અને મનપાના અધિકારીઓ, સંગઠનના પદાધિકારીઓ, સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો, ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



જૂનાગઢના "એ" ડિવિઝન પોલીસ સ્ટેશન હદના લંધાવાળા, ખત્રીવાળા નાકે રહેતા અયુબખાન અબ્દુલખાન કલ્યાણીની મોટરસાઈકલ ની રાત્રી દરમ્યાન ચોરી થઈ હતી. આ બાબતે "એ" ડિવિઝન પો.સ્ટે. ખાતે ગુન્હો નોંધાતા પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા હતા.જે દરમ્યાન શહેરના સંધાળિયા બજાર ખાતે જુની તાર ઓફિસ પાસે રહેતા ફરીદશા ઉર્ફે વાસંળો ફારૂકશા બાનવા નામના ઈસમે જૂનાગઢ તથા ધોરાજી શહેરમાંથી ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરતાં પોલીસે આ આરોપી પાસેથી કુલ કિ.રૂ. ૧,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી મોબાઈલ અને વાહન ચોરીના વણ ઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલી આરોપીની મુદ્દામાલ સહિત અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.-

# દાહોદમાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના કુલ ૧૯૦૫૩ દર્દીઓ નોધાયા

દાહોદ જિલ્લામાં સ્પેશિયલ NCD સ્ક્રીનિંગ ડ્રાઈવ" તારીખ ૨૦.૦૨.૨૫ થી ૩૧.૦૩.૨૫ સુધી યોજવામાં આવી હતી.૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓનું ૨,૩૪,૩૩૬ જેટલા લોકોની ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી.જેમાં ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ પૈકી કુલ ૧૨,૦૩૭ બ્લડ પ્રેશર તેમજ ૭,૦૧૬ ડાયાબિટીસના દર્દીઓ નવા મળી આવ્યા હતા.આમ, આ ડ્રાઈવ દરમ્યાન બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના મળીને કુલ ૧૯,૦૫૩ વ્યક્તિઓનું મેડિકલ ઓફિસર દ્વારા એક્ઝામિનેશન કરી સારવાર અને માર્ગદર્શન પુરુ પાડી જરૂર જણાય તેવા દર્દીઓને વધુ સારવાર અર્થે જિલ્લા હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.



# એક ભક્તે મંદિરને દાન પેટે આપેલા સો કરોડના ચેક સામે ખાતામા રૂપિયા ૯૯,૯૯,૯૯,૯૮૩ ઓછા હોવાથી ચેક બાઉન્સ થયો!

‘અલ્લાહ નામ પર કુછ દે દો, ભગવાન કે નામ પર કુછ દેદો.’ મંદિરની બહાર શણિયું પાથરી ભિખ માંગતા ભિખારીએ ગુહાર લગાવી.

‘આ , લો બાબા .’ રાજુ રદીએ ઘોબાવાળા એલ્યુમિનિયમના વાટકામાં સિક્કો નાંખ્યો.
ભિખારી અંધ હતો. એણે આંખ ખોલી સિક્કો જોયો. રાજુએ પચાસ પૈસાનો સિક્કો નાંખેલો.

‘ અરે, તમે તો મોટો ભિખારી નીકળ્યા. પચાસ પૈસા ચલણમાં ચાલતા નથી. વારા અક્ષયપાત્રમાં પચાસ પૈસાનો સિક્કો નાંખી આશીર્વાદમાં કુબેરનો ખજાનો મેળવવો છે? લો, આ તમારો સિક્કો .’ આમ કહી ભિખારીએ સિક્કો પરત કર્યો.

રાજુ રદીના ઘરે માસીબા આવેલા. રાજુ રદીના મોટા ભાઈને ઘરે પુત્ર રત્ન જન્મેલ. માલીબા તાબોટા પાડી આશીર્વાદ આપવા આવેલ. અલબત, માસીબાનો આશય રાજુ રદીના ઘરેથી નેક તરીકે એક લાખ રૂપિયા વસૂલવાનો હતો. રાજુ રદીના ઘરેથી એક હજાર રૂપિયા જ મળ્યા. માસીબા નારાજ થઈ ગયા!

સૌરાષ્ટ્રમાં એક કદાવર નેતા હતા. નસીબજોગે ભારત સરકારમાં મંત્રી પણ હતા. મનુબાપા તરીકે જાણીતા. કોઈ પણ કાર્યક્રમમાં ફંડ ફાળા ઉઘરાવવામાં આવે તો સૌ પહેલાં મનુબાપા તેમના તરફથી એક લાખ રૂપિયાનું દાન નોંધાવે. કાર્યક્રમના આયોજક મનુબાપા પાસે દાનની રકમ લેવા જાય. ત્યારે મનુબાપા કહે મારે દાન આપવાનું ન હોય. મારે, તો દાનની સરવાણી ફૂટે તે માટે માત્ર જાહેરાત કરવાની હોય!

દાન એટલે શું? સામે ઉભેલી કે બેસેલી વ્યક્તિના હાથમાં એક રૂપિયાનો સિક્કો થમાવી દેવો એ દાન છે?મંદિરમા ભગવાન સામે ભારતના બજેટના વોલ્યુમ જેટલી માંગણી રજૂ કરી ગોલકમાં એક, બે, પાંચ કે દસ રૂપિયા નાંથવા? મંદિરના ભંડારામાં એક સિંગતેલનો ડબ્બો કે દસ કિલો ચણાની દાળ આપવી? દાનના આ સ્વરૂપો છે.દાન શબ્દ સંકુલ છે.

માનવ સંસ્કૃતિની શરૂઆતથી દાનની બોલબોલા રહી છે. દાન આપવું અને દાન લેવું એ બ્રાહ્મણોનું મુખ્ય કર્તવ્ય છે. જો કે, આજના જમાનામાં કોઈ દાન આપતું નથી એ વાત અલગ છે! આપણી કમાણી પર આપણા પરિવાર ઉપરાંત પશુ, પંખી, પ્રાણીનો પણ પર્યાપ્ત હક્ક હોય છે. આપણે ભોજન કરતાં પહેલા અબોલ પ્રાણીઓનો પણ વિચાર કરીએ છીએ. જમતા પહેલા ગૌ ગ્રાસ અને શ્વાન ગ્રાસ અલગ કાઢવામાં આવે છે. દાનની આ રીત સાચી અને સારી રીત છે. આપણે જમી લઈએ પછી વધેલું ભોજન ગાય કે કૂતરાંને આપવું એ પશુ પંખીનો અનાદર છે.આજે પણ ગામડાંમાં ભોજન પહેલાં રામરોટી એટલે જે કાંઈ રાંધવામાં આવેલ હોય તે તમામ વાનગી પ્રથમ કાઢી મંદિરના પૂજારીને ઘરે આપવાની પ્રથા અમલમાં છે!

દાન સ્વૈચ્છિક હોય. દાન બળજબરીથી લઈ શકાય નહીં. દાન કેવી રીતે કરવું એ પણ વિચારણાનો મુદો બની રહે છે. ઢોલ પીટીને દાન આપવામાં તાત્વિક રીતે કશું ખોટું નથી . દાતાની મોટા ભા થવાની એટલે કે સ્વાવિષ્કારની અંતિમ જરૂરિયાત સંતોષાય છે. ડાબા હાથે દાન આપીએ તો જમણા હાથને ખબર ન પડે અગર જમણા હાથે દાન આપવામાં આવે તો ડાબા હાથને ખબર ન પડે તે ઉચ્ચતમ કે શ્રેષ્ઠ દાન છે. ગુપ્તદાનની દાન ગ્રહણ કરનારને સંકોચબોધ મળતો નથી. તેનું સ્વમાન અક્ષુણ્ણ રહે છે. કેટલાક લોકો રામભરોસે દાન કરે છે, પરંતુ, પહોંચમાં પોતાનો મોબાઈલ નંબર લખાવે છે!
૨૦મી સદીમાં દુનિયાના સૌથી મોટા દાનવીર ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટા છે.જમશેદજૂએ ૧૦૨ બિલિયન ડૉલર એટલે કર્યું.રૂપિયા ૮,૪૭,૫૭૪ કરોડ નું દાન કરેલ.ભામાશા માતૃભૂમિને બચાવવા સર્વસ્વનું દાન કરી દાનવીર ભામાશા કહેવાયા હતા. શિબિરાજાએ હોલાને બચાવવા ખુદના શરીરના માંસનું દાન કરેલ.રામસેતુના નિર્માણ સમયે એક ખિસકોલી રેતીમાં આળોટી તે રેતી રામ સેતુ ખાતે ખંખેરી રામસેતના નિર્માણમાં યોગદાન આપેલ.ભગવાન બુધ્ધની મૂર્તિના નિર્માણ સમયે એક ગરીબ છોકરીએ તેની વાળીનું દાન કર્યું કે મૂર્તિ પર સ્મિત આવી ગયેલ.દાન લેનાર ભગવાન વામને ત્રણ ડગલા જમીનદાનમાં પૃથ્વી , આકાશ મારી લીધેલ અને ત્રીજા ડગલું બલિ રાજાના મસ્તિક પર મુકીને બલિ રાજાને પાતાળમાં ધકેલી દીધેલ!

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમના સિમ્હાચલમ ખાતે વરાહ લક્ષ્મી મંદિર છે. મંદિરની સંચાલન સમિતિ દરરોજ દાનપેટી ખોલી આવેલ દાનની રકમ બેંકમાં જમા કરાવે છે. એક દિવસ દાનપેટી ખોલતાં આનંદનો પાર ન રહ્યો. હાઈલા. બાપ રે બાપ. સંચાલન સમિતિને તેમની આંખ પર યકીન ન બેઠો. કોઈ પરમ ભગવદીય ધર્માત્માએ મંદિરને દાન આપીને માલામાલ કરી દીધેલ કે શું? દાનની રકમ જોઈને તમામની આંખ ચમકી ઉઠી. મંદિરના અધૂરા કામો હાથ ધરી શકાશે તેની ખાતરી થઈ ગઈ. મહાલક્ષ્મી માતાએ ચમત્કાર કર્યો કે શું?દાતાએ ૧ ,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે સો કરોડ રૂપિયા દાન પેટે ચેકથી આપેલ. ખુદા કાયમ છપ્પર ફાડીને દળદર થોડા ફીટાવે? ક્યારેક ચેકથી પણ ચમત્કાર કરે! સંચાલન સમિતિએ ચેક વટાવવા બેંકમાં ભર્યો! એ મહાન દાનવીરના બેંક એકાઉન્ટમાં ૯૯,૯૯,૯૯,૯૮૩ એટલે કે નવાણુ કરોડ નવાણું લાખ નવાણુ હજાર નવસો ક્યાંથી રૂપિયા જ હતા? એટલે કે સતર રૂપિયા ઓછા હતા!મોટા માણસો ચેક ફાડે તો બેલેન્સ થોડી જુવે? અરે પ્રભુ, એના ખાતામાં ૯૯,૯૯,૯૯,૯૮૩ ની રકમ ઓછી હતી. ખાતામા માત્ર ને માત્ર સતર રૂપિયા જ જમા હતા! માતાજી સાથે માનવીએ ધોખો કરેલ! અરે એના કરતા તો સાહેબ પાસે ચાર રૂપિયા વધારે હતા એટલે ભગવાન શ્રી દેવનારાયણજીના ૧૧૧૧માં પ્રાગટ્ય દિવસ પર દર્શન કરી કવરમાં એકવીસ રૂપિયાનું જંગી દાન કરેલ તેવો મંદિરના પૂજારીનો દાવો છે!
ભરત વૈષ્ણવ

# ડીસામાં ચૈત્રી નવલી નવરાત્રી માં આનંદ ના ગરબાની રમઝટ જામી





ડીસા શહેરમાં મોદી સમાજ ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવલી નવરાત્રી ના પર્વ ની નવ દિવસ શ્રી બહુચર આનંદ ગરબા મંડળ આયોજિત ડીસા દ્વારા આનંદનાં ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે જેમાં ડીસા ઉપરાંત કલોલ, અમદાવાદ, ના આનંદ ગરબા મંડળો દ્વારા રાત્રેઃ- ૦૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી મોદી સમાજની વાડી ખાતે આનંદ ગરબાની રમઝટ જામી હતી જેમાં મોદી સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજર રહી ભક્તિમય વાતાવરણ માં આનંદ ના ગરબામાં ઝુમી નાચી ઉઠ્યા હતા.

# ભાટમાં ઘરકામ કરવા રાખેલી મહિલા ત્રણ દિવસમાં ચોરી કરી ફરાર થઇ

ભાટમાં આવેલા બંગલામાં અનેક લોકો ઘરકામ માટે મહિલાઓને રાખે છે. ઘરઘાટી તરીકે કામ કરતી મહિલાઓ મકાન માલિકના ઘરમાંથી ચોરી કરીને પલાયન થઈ ગયાના બનાવ અગાઉ પણ સામે આવ્યા છે. ત્યારે ભાટમાં આવેલી જર્મનગ્રીન સીટી બંગલામાં ત્રણ દિવસ પહેલા એક મહિલાને ઘરકામ કરવા માટે રાખી હતી. ત્રણ દિવસ સુધી મહિલા કામ કરવા આવી હતી અને બાદમાં બંધ થઈ ગઈ હતી. જ્યારે મકાન માલિકે તેમના રૂમમાં ચેક કરતા અંદરથી ૪૬૫૦૦ રોકડા અને સોનાની બુટ્ટીની ચોરી કરી પલાયન થઈ જતા અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.ભરતભાઈ જયંતીલાલ સેસાની (રહે, સી-૬૦૧ જર્મનગ્રીન સીટી, ભાટ) કપડાનો વેપાર કરે છે. ત્યારે તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, એક મહિના પહેલા ઘરનુ કામકાજ કરવા માટે કામવાળી મહિલાની શોધખોળ કરતા હતા. તે સમયે અમદાવાદ એરપોર્ટ વિસ્તારમાં રહેતી નિશા નામની મહિલાનો સંપર્ક થયો હતો અને તેને કચરા, પોતુ અને વાસણ માંજવા માટે ૨ હજાર રૂપિયામાં નક્કી કરી હતી.

# કલોલમાં જાસપુર કેનાલમાંથી પિતા અને બે બાળકોના મૃતદેહ મળ્યાઃ રિક્ષાચાલક અને તેના બે પુત્રો બે દિવસથી ગુમ હતા

કલોલ તાલુકાના જાસપુર ગામ નજીક આવેલી કેનાલમાંથી એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવ્યા છે. મૃતકોમાં નીતિનભાઈ હરગોવનભાઈ રબારી (ઉંમર ૨૫ વર્ષ), તેમનો ૫ વર્ષનો પુત્ર ચિરાગ અને ૧ વર્ષનો પુત્ર ચેહરનો સમાવેશ થાય છે.નીતિનભાઈ મૂળ મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના કંઠરાવી ગામના વતની હતા. તેઓ હાલમાં અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા હતા અને




રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બે દિવસ પહેલા આ ત્રણેય વ્યક્તિઓ ગુમ થયા હતા.અડાલજ નર્મદા કેનાલ પાસેથી તેમની રિક્ષા મળી આવી હતી, જેની જાણ સગા-સંબંધીઓએ પોલીસને કરી હતી. ત્યારબાદ જાસપુર કેનાલના ગણપતપુરા વિસ્તારમાંથી ત્રણેય મૃતદેહ મળી આવ્યા હતા.

ફાયર બ્રિગેડ અને નગરપાલિકાની ટીમે મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

# નાનિદેવરૂપણ ગામે દીપડો પાજરે પુરાયો

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નાનિદેવરૂપણ ગામ સહિત પંથકમાં દિપડાએ દેખા દેતા સ્થાનિકો,પશુપાલકોમાં ભયના માહોલ વચ્ચે માનવ વસાહત તરફ ધસી આવેલ જંગલી પ્રાણી એવા દિપડાએ ગામના પશુપાલક સુમિત્રાબેન સામાભાઈ કોઠારીના ઘર આંગણે બાધેલ ગાયના વાછરડા નું મારણ કરી ફરાર થઈ ગયો હતો.જે બાદ દિપડાના દહેશત અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગે આ વિસ્તારમાં દહેશત ફેલાવતા દિપડાને પકડવા માટે પાંજરૂ મુકવામાં આવ્યું હતું.જે પાંજરામાં દિપડો આબાદ



પકડાઈ ગયો હોવાની વન વિભાગને જાણ કરવામાં આવતા ફોરેસ્ટ વિભાગે ઝડપાયેલ દિપડાનું રેસક્યું કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOGSS NO :373

વિષય : ચૈત્રી નવરાત્રિ
શીર્ષક : મા નવ નવ દિવસે
પ્રકાર : પદ્ય શબ્દ : ૧૮૦

મા નવ નવ દિવસે નવદુર્ગા રૂપે આવીને રાસ રમે...

પ્રથમ તે નોરતે મા શૈલપુત્રી રૂપે આવે.
સર્વમાં વિરાજે માતા શૈલપુત્રી સ્વરૂપે. મા નવ નવ.....

બીજે તે નોરતે મા બ્રહ્મચારિણી રૂપે આવે.
બ્રહ્મ દ્વારા ઉત્પન્ન થઈ મા બ્રહ્મચારિણી સ્વરૂપે. મા નવ નવ.....

ત્રીજે તે નોરતે મા ચંદ્રઘંટા રૂપે આવે.
આરાધનાની દેવી બની મા ચંદ્રઘંટા સ્વરૂપે. મા નવ નવ.....

ચોથે તે નોરતે મા કુષ્માન્ડાના રૂપે આવે.
મુક્તિ આપી મનોહર રૂપે મા કુષ્માન્ડા સ્વરૂપે. મા નવ નવ.....

પાંચમે તે નોરતે મા સ્કંદમાતા રૂપે આવે.
ભાગ્યદાત્રી,વિધાત્રી મા સ્કંદમાતા સ્વરૂપે. મા નવ નવ.....

છઠ્ઠે તે નોરતે મા કાત્યાયની રૂપે આવે.
રિદ્ધિ સિદ્ધિ આપનારી મા કાત્યાયની સ્વરૂપે. મા નવ નવ.....

સાતમે તે નોરતે મા કાલરાત્રી રૂપે આવે.
રૌદ્ર રૂપે અસુર સંહાર અર્થે મા કાલરાત્રી સ્વરૂપે. મા નવ નવ.....

આઠમે તે નોરતે મા મહાગૌરી રૂપે આવે.
રાવણ વધ કરી કરોડો યોનિમાં મા મહાગૌરી સ્વરૂપે. મા નવ નવ.....
નવમે તે નોરતે મા સિદ્ધિદાત્રી રૂપે આવે.
અષ્ટસિદ્ધિ પ્રદાન કરી મા સિદ્ધિદાત્રી સ્વરૂપે.

મા નવ નવ દિવસે નવદુર્ગા રૂપે આવીને રાસ રમે...

રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS No. 181

વિષય "ચૈત્રી નવરાત્રી"
શીર્ષક: "આવી આવી નોરતાની નવ નવરાત"
પ્રકાર: પદ્ય શબ્દો: ૧૩૦

આવી આવી નોરતાની નવ નવરાત,
ગરબા માં ઘૂમે, ગૌરી દુર્ગા સંગાથ,
આવી આવી નોરતાંની, નવ નવરાત.!.. આવી આવી

પહેલાં રે પહેલી નોરતાની રાત
આરાધી અંબા મા ને, કરીએ શુભ શરુઆત.!.. આવી આવી

બીજાં રે બીજી નોરતાની રાત,
ચિત્તને ચોરી લઈએ ,મા બહુચરા ની સાથ.!..આવી આવી

ત્રીજું રે ત્રીજી નોરતાની રાત,
કષ્ટ કાપોને મારા,મા કાલિકા માત!.. આવી આવી

ચોથા રે ચોથી નોરતાની રાત,
ચાચર ચોકમાં ચરે,મારી ચામુંડા માત.!.. આવી આવી
પાંચમા રે પંચમી નોરતાની રાત,
રોળીદો ને રાંદલ, મારા સઘળા આઘાત.!.. આવી આવી

છઠ્ઠાં રે ષષ્ટિ નોરતાની રાત,
દયા કરી મા દુર્ગા,રમો રઢિયાળી રાત.!.. આવી આવી

સાતમાં રે સપ્તમી નોરતાની રાત,
સન્મુખ આવોને, સરસ્વતી સાક્ષાત.!.. આવી આવી

આઠમા રે અષ્ટમી નોરતાની રાત,
અન્નના ભંડાર પુરે, અન્નપૂર્ણા માત.!.. આવી આવી

નવમે રે નવમી નોરતાની રાત,
નમન કરીએ ભૂલી, નરનારી જાતપાત.!.. આવી આવી

સુરમી બધેકા "કૌસુમી"મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG Ss No.343

વિષય: ચૈત્રી નવરાત્રી
શીર્ષક:- મહાકાળીધામ કપૂરવાવ (થાન)
પ્રકાર: ગધ. શબ્દો:- ૩૫૦

ચોટીલા પાસે આવેલ થાનમાં તરણેતર રોડ ઊપર કપૂરવાવ ખાતે મહાકાળી માતાજીનું પાવનધામ આવેલ છે,જેની પૌરાણિક કથા છે,માવ નામના ઋષિ જે કપૂરવાવથી ૮ કિલોમીટર આવેલ સારસાણા ગામે રહેતા જેમના પ્રથમ લગ્ન શિહોર ખાતે ચાંઉ (જોષી) ની પુત્રી સાથે થયેલા,તેમના ત્રણ પુત્રોનાં વંશજ તેરૈયા, આમંગ અને મહેતાના નામે ઓળખાય છે માવ ઋષિના પ્રથમ પત્નીનું અવસાન થતાં ઉપરોક્ત બાળવયનાં ત્રણ સંતાનો માટે પુનઃલગ્ન કરવાં જરૂરી હોય ધ્રોલ ખાતે દવેની ધર્મપરાયણ પુત્રી પુનમતીદેવી સાથે લગ્ન થયા હતા જેમને મહાકાળી માતાનો સાક્ષાત્કાર હોય પુનમતીદેવીને માતાજીએ હંમેશા સાથે રહેવાનું વચન આપેલું હતું.જેથી પુનમતીદેવીનાં લગ્ન કરી ધ્રોલથી સાસરે જાન સાથે સારસાણા જતાં માતાજી ની સેવા પુજા અર્ચના માટે પુનમતીદેવીની વિનંતિથી માતાજી સાથે આવવા સહમત થતાં જાનમાં રથની પાછળ કાળી ચકલી રૂપે આવશે પણ પાછળ જોશે તો રોકાઈ જશે તેવી શરત આધીન માતાજી સાથે આવતાં જાન ધ્રોલથી સારસાણા પરત આવતા પુનમતીદેવી જ્યારે સારસાણા પહેલાં કપૂરવાવ આવતાં તેમનાથી પાછળ દ્રષ્ટિ નખાઈ જતાં, કાળી ચકલી રૂપે માતાજી રથની પાછળ ઉડતા આવતા હતા, જે મહાકાળી માતાએ પુનમતીદેવીને તે પાછળ જોઈ શરતભંગ કર્યો છે હું આવી શકીશ નહી માટે રથ અહીં રોકી સ્થાપના કર હવેથી મારો વાસ આ સ્થળે જ રહેશે,પુનમતીદેવી એ અહીં માં સ્થાપન કરૂ તો પૂજા અર્ચના કેવી રીતે કરી શકું માટે સાથે આવવા પ્રાર્થના કરતાં માતાજીએ જવાબ આપ્યો કે, દિકરી તારી સાથે તું જીવીશ ત્યાં સુધી હું રહીશ પછી મારો વાસ આ જગ્યાએ થશે, તારા પુત્રો થાય તેના વંશજોનાં કર સંસ્કાર તથા પૂજા અર્ચના અંહી આવી કરે તેવા તારા સંતાનોને જાણ કરજે ,આ રીતે ત્રિશુલ સ્વરૂપે કપૂરવાવ હોય ત્યાં માતાજીની સ્થાપના થયેલી અને પુનમતીદેવીનાં ત્રણ પુત્રોનાં વંશજ ધાંધિયા,શીલુ અને માઢક અટકધારી ઉપરાંત માવ ઋષિના પ્રથમ પત્નીનાં ત્રણ પુત્રો મહેતા,તેરૈયા અને આમંગ અટકધારીના વંશજોનાં કુળદેવી કપૂરવાવ જયાં માતાજી ની સ્થાપના થયેલી ત્યાં કર કાર્ય ઉપરાંત નવરાત્રીમાં નૈવેધ યજ્ઞ વિગેરે ધાર્મિક કાર્યો થાય છે,

કપૂરવાવ ધામ વિશાળ જગ્યામાં પથરાયેલ છે જ્યાં ગોઠીભાઈઓ કપૂરવાવની જૂનીસ્મૃતિ જળવાઈ જે રીતે મહાકાળીમાતાનું ભવ્ય મંદિર બનાવવાનું કાર્ય હાલમાં ચાલુ છે, શ્રધ્ધાળુઓ માટે ચા પાણી અને ભોજનની વ્યવસ્થા કાયમી રાખેલ છે , આ મંદીર નું સંચાલન ટ્રસ્ટ દ્વારા થાય છે અને સ્થાનિક અરુણભાઈ મહેતા મંદિરનો કાર્યભાર સંભાળે છે.

'ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### *NOG SS NO: 376*

વિષય: ચૈત્રી નવરાત્રી★
શીર્ષક: મા મારે આંગણે રમે★
★શબ્દો: ૮૫★

મા ગૌરી ગરબે રમે, જગદમ્બા રમે,
અપેક્ષા એટલી કે મારે આંગણે રમે.

નવ નવ નોરતાંની નવલી નવરાત છે,
આનંદ ને ઉમંગથી મારા આંગણે રમે.

ગરબો ગોરાયો માંહી દીવડો કોરાયો,
નમણી નારીઓ નિર્મળ થઈને રમે.

ચાચરીના ચોકમાં ચંમર ઢોળાય છે,
બાલા ત્રિપુરારી સુંદરી કંકુ પગલે રમે.

નવ નવ રાતની આઇ નવલી નવરાત્રી,
શમણાં શણગારી સન્નારી ગરબે રમે.

ચૈતર ચોળ્યો માનુની ના મનમાં મોર્યો,
અષ્ટ ભૂજાળી અપેક્ષાના આંગણે રમે.

અપેક્ષા શાહ "શ્રીજી"અમદાવાદ




# ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન તેમજ શ્રી રામ ભગવાનની જન્મજયંતી અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

તારીખ ૭થી ૯ એપ્રિલના રોજ સક્રિય સભ્યશ્રીઓનું સંમેલન યોજાશે તેમજ તારીખ ૧૦ થી ૧૨ એપ્રિલ દરમિયાન ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા ગાંવ/બસ્તી ચલો અભિયાન યોજાશે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના પ્રધાનસેવક તેમજ વૈશ્વીક નેતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નેતૃત્વમાં દ્રઢછ સરકાર દેશની રાજનીતી અને વિકાસના આયામો વધુ વેગંવતા બન્યા છે તેમજ ગુજરાતમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આદરણીય વડાપ્રધાનશ્રીના સૌના સાથ,સૌના વિકાસ અને સૈના પ્રયાસના સુત્રને સાકાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમજ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમા પાર્ટી વિવિધ તબક્કા પર ખૂબ જ મજબૂત થઇ જનતા માટે સેવાકીય કાર્યો કરી રહી છે ત્યારે આવતીકાલે પક્ષના સ્થાપના દિવસ અને ભગવાન શ્રી રામજીની જન્મજંયતી દિવસે ભવ્ય ઉજવણી રાજયભરમાં કરવામાં આવશે. આવતીકાલ તારીખ ૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિન તેમજ ભગવાન શ્રી રામની જન્મજંતી દેશભરમાં ઉજવાશે જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ કાર્યક્રમની રૂપ રેખા આ મુજબ રહેશે જેમા જિલ્લા/મહાનગર તેમજ મંડલના કાર્યાલયોને રોશનીથી શણગારવા તેમજ ગામ-શહેરમા શ્રી રામજી ભગવાનના મંદિરેથી સરઘસ સ્વરૂપે યાત્રા નિકાળવામાં આવશે તેમજ બુથના કાર્યકર્તાઓના ઘરે પાર્ટીનો ધ્વજ ફરકાવવામાં આવશે. ભગવાન શ્રી રામજીની યાત્રા દરમિયાન છાશ,શરબત વિતરણ કરવામાં આવશે. તેમજ આગામી તારીખ ૭-૮-૯ એપ્રિલના રોજ સક્રિય સભ્યશ્રીઓનું સંમેલન યોજાશે અને તારીખ ૧૦થી ૧૨ એપ્રિલ દરમિયાન ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા ગાંવ/બસ્તી ચલો અભિયાન યોજાશે જે અંતર્ગત ગામમાં આવેલ નદી-તળાવ-મંદિર,શાળા-કોલેજના પરિસરમા સ્વચ્છતા અભિયાન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સાંજના સમયે ખાટલા બેઠકનું આયોજન કરાશે તેમજ પક્ષના વરિષ્ઠ કાર્યકર્તાઓ અને કાર સેવકોનું સન્માન કાર્યક્રમ યોજાશે. આ સમ્રગ અભિયાનને સફળતા પુર્વક પુર્ણ કરવા પ્રદેશ કક્ષાએથી ટીમની નિમંણુક કરી છે જે નીચે પ્રમાણે છે.



બ્રહ્મ સમાજના ભીષ્મપિતામાં એવા માનનીય પ્રમુખશ્રી કનુભાઈ રાવલ ૮૭ વર્ષ પૂર્ણ ૮૮ માં વર્ષમાં પ્રવેશ કર્યો આ પ્રસંગે બ્રહ્મ સમાજના મા.શ્રી યજ્ઞેશભાઈ દવે, ભાગવત કથાકારો તથા અન્ય ભાઈઓ બહેનો દ્વારા વડીલ શ્રી નો જન્મ અમૃત મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

# પાવાગઢ-અંબાજીમાં ચૈત્રી નવરાત્રીના આઠમા નોરતે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું, માતાજીના જય ઘોષથી મંદિર પરિસર ગુંજી ઉઠયું



આજે ચૈત્ર સુદ આઠમનો શુભ અવસર છે, ત્યારે પાવાગઢ મહાકાલી મંદિરમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોનો ઘસારો જોવા મળ્યો છે. મા મહાકાલીના પ્રાગટ્ય દિવસને લઈને મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામી છે. વહેલી સવારે ૪ વાગ્યાથી જ ભક્તો માતાજીના દર્શન કરી શકે તે માટે મંદિર ખુલ્લુ મુકાયું હતું. પાવાગઢમાં નવરાત્રીની આઠમને લઇને વિશેષ હવન અને દર્શનનું વિશેષ મહત્ત્વ છે. દર વર્ષે આઠમ તેમજ નવમીએ એક લાખથી વધુ ભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. પાવાગઢ ડુંગર પર મા કાલિકાના દર્શન માટે વર્ષ દરમિયાન આસો નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, આઠમનો હવન તથા જાહેર રજાઓ દરમિયાન ગુજરાત સહિત મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ લાખોની સંખ્યામાં માતાજીના ભક્તો આવે છે. રવિવારથી શરૂ થયેલી ચૈત્રી નવરાત્રીના બીજા નોરતે પાવાગઢના તમામ જાહેર માર્ગો ઉપર મોટી સંખ્યામાં પગપાળા યાત્રાળુઓ જોવા મળ્યા હતા. મધરાતથી મંદિર પરિસર અને પગથિયા પર ભક્તો માતાજીના દર્શન માટે કલાકો સુધી ઉભા રહ્યા હતા. મંદિરના દ્વાર વહેલી સવારે ચાર કલાકે ખુલતા માતાજીના જય ઘોષથી મંદિર પરિસર ગુંજી ઊઠયું હતું.

આજે ચૈત્રી સુદ નવરાત્રીની આજે આઠમના દિવસે સવારથી અંબાજી ખાતે ભક્તોની ભીડ જોવા મળી હતી. અંબાજી આઠમ ભરવાનું વિશેષ મહત્વ હોવાથી વહેલી સવારે મંગળા આરતીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. 'બોલ મારી અંબે, જય જય અંબે' ના નાદથી અંબાજી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

હિંદુ ધર્મશાસ્ત્રોમાં આસો, મહા, ચૈત્ર, અષાઢ એમ ચાર નવરાત્રીનો મહિમા ગાવામાં આવ્યો છે. જેમાં શક્તિ ઉપાસના માટે શરદ ઋતુ, વસંત ઋતુના અનુક્રમે આસો, ચૈત્રની નવરાત્રીને વધુ ફળદાયી માનવામાં આવી છે. ચૈત્રિ નવરાત્રીમાં પણ દેવીશક્તિની ઉપાસના, અનુષ્ઠાન કરવામાં આવે છે. જે ભક્તો મા શક્તિની આરાધના કરતા હોય તેમના માટે નવરાત્રી પરમ શુભદાયી, ફળદાયી, પવિત્ર અવસર છે.

શાસ્ત્રોમાં નવરાત્રીને માતાજીની ઉપાસનામાં શીઘ્ર ફળદાયી ગણવામાં આવી છે. આદિ અનાદિકાળથી નવરાત્રીમાં શક્તિ આરાધનાનો વિશેષ મહિમા વર્ણવવામાં આવ્યો છે. આમ, સામાન્ય દિવસોની તુલનાએ નવરાત્રીમાં શક્તિ આરાધનાનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. જે શ્રદ્ધાળુઓ શક્તિની આરાધના કરવા ઇચ્છતા હોય તેમણે નવરાત્રીના ઉપવાસ રાખીને માતાજીની આરાધના કરવી જોઈએ.

# હીટવેવ ઈફેક્ટ : વડોદરાના મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે



સમગ્ર ગુજરાતની સાથે વડોદરામાં પણ આકરી ગરમી પડી રહી છે. બપોરના સમયે શહેરમા નીખલું પણ મુશ્કેલ બન્યુ છે. તો હવામાન વિભાગે ચાર દિવસ હીટ વેવની આગાહી કરી છે. ત્યારે વડોદરાના વાહનચાલકોને રાહત આપવા શહેર ટ્રાફિક પોલીસે મહત્વનો નિર્ણય કર્યો છે. લોકોનો ગરમીથી બચાવ થાય તેને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય ટ્રાફિક સિગ્નલો આજથી બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો શહેર પોલીસ કમિશનર દ્વારા નિર્ણય લેવાયો છે. જોકે કેટલાક નાના જંક્શન ઉપર ટ્રાફિક સિગ્નલો કાર્યરત રહેશે. ગરમીમાં બપોરના સમયે વધુ વખત તાપમાં રહેવાથી લૂ લાગવાના અને સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે. પરિણામે બપોરના સમયે મુખ્ય માર્ગો સુમસામ થઈ જતા હોય છે. આ ઉપરાંત ટ્રાફિક સિગ્નલો પર વધુ સમય વાહનો ઉભું રાખવું હિતાવહ નથી. જેથી શહેરીજનોની સુખાકારી માટે અને ગરમીથી બચાવના ઈરાદે આજથી મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જોકે આમ છતાં વાહનચાલકોએ શિસ્ત ભંગ કરીને અકસ્માત થાય એવી રીતે વાહન ચલાવવું નહીં. આ ઉપરાંત ગરમીમાં ગોગલ્સ પહેરવા જોઈએ અને હેલ્મેટના કાયદાનો ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. વાહનચાલકોએ અકસ્માતો થાય એવી રીતે વાહન હંકારવું નહીં કે જેથી પોલીસને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડે. પોતાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાહનચાલકોએ વ્યવસ્થિત રીતે વાહન ચલાવવું જોઈએ. જોકે બપોરના સમયે મોટાભાગે વાહન વ્યવહાર મુખ્ય માર્ગો પર ઓછો હોય છે, છતાં પણ ટ્રાફિક નિયમોનું અચૂક પાલન કરીને શિસ્ત જાળવવા પણ શહેર પોલીસ કમિશનરે અનુરોધ કર્યો છે.જોકે એટલા જ નાના રસ્તાઓ પરના ટ્રાફિક સિગ્નલો સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચાલુ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે.

## સુરતમાં સામાન ડિલિવરીની આડમાં દારૂની હેરાફેરી,પોલીસે ૩ આરોપી સહિત ૩ લાખથી વધુનો મુદ્દામાલ કર્યો જપ્ત

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં છાશવારે બુટલેગરો વિવિધ પ્રકારે દારૂ ગુજરાતમાં પહોંચાડતા ઝડપાયા છે. સુરતમાં પણ આવો જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં કાફે ડિલિવરીની આડમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયા છે. પોલીસે તપાસ કરતાં વાનમાંથી ૧૦૦ જેટલી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતાં.સુરતના ઉધનામાં અજય કાફેની ડિલિવરી વાનમાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે ઉધનાના લક્ષ્મીનારાયણ કમાઉન્ડમાંથી કાફેની આડમાં વિદેશી દારૂ ભરેલો ટેમ્પો ઝડપી પાડયો છે. ટેમ્પોમાં નાના-મોટા ૧૦૦ જેટલાં કેન ભરીને દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. પોલીસે વિદેશી દારૂ સાથે કુલદીપ ચનિયારા, અશ્વિન કુમાર અને નીતિન અંબોરે નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. જેમાં આરોપીઓ દક્ષિણ ગુજરાતમાં આવેલા અજય કાફેમાં સામાન ડિલિવરી કરવા બંધ બોડીના વાનનો ઉપયોગ કરતા હતા. આ શખસો સામાન ડિલિવરી કરવા માટે સુરતથી વાપી સુધી જાય છે અને પરત ફરતા વખતે દમણથી વાનમાં કેરેટની વચ્ચે દારૂ છુપાવી દારૂની હેરાફેરી કરવામાં આવતી હતી. હાલ પોલીસે ત્રણ આરોપી સહિત વિદેશી દારૂની બોટલ અને બિયરના ટીન સહિત ૨.૩૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સોમનાથ બંદરેથી એક સમયે ચીન, ઝાંઝીબાર સુધી થતો હતો વેપાર, નિકાસ કરતી સ્ટીમરોનાં ભૂંગળાં સતત વાગતા રહેતા



સમગ્ર દેશના દરિયાઈ બંદરો તા.૫ એપ્રિલે રાષ્ટ્રીય વહાણવટા દિવસ ઉજવશે. ત્યારે નોંધનીય છે કે સોમનાથ બંદર તથા વેરાવળ બંદરનો એક સમયે જમાનો હતો. મહાભારત કાળથી સોમનાથ પ્રસિધ્ધ બંદર હતું અને તેનો વેપાર ચીનથી ઝાંઝીબાર સુધી વિસ્તરેલો હતો. વેરાવળ બંદરે માલસામાનની આયાત નિકાસ કરતી સ્ટીમરોના ભૂંગળાં સતત ગુંજતા રહેતા હતાં.ઈતિહાસવીદ ડો. ગિરીશ ઠાકર કહે છે હજારો વર્ષ પૂર્વથી પરમ વૈભવનો સાગર સોમનાથમાં ઉછળતો હતો અને સાગરને રત્નાકર એટલા માટે કહેવાતો કે જગત આખામાંથી વિવિધ પ્રકારના રત્નો લઈ વહાણો અહી લાંગરતા. અરબસ્તાનથી ચીન સુધી રોમ બેબીલોન સહિતના દેશ પરદેશના સાગર ખેડુ વેપારીઓ પોતાનો માલ લઈ અહીંની સમૃધ્ધિમાં વધારો કરતા. વેરાવળ સી.આઈ. એફ.ટી.ના વરિષ્ટ વૈજ્ઞાનિક ડો. આશીષકુમાર ઝા અને વૈજ્ઞાનિક ચિન્નદુરઈ એસ કહે છે કે અમારી પાસે પ્રાચીન સમયના વહાણોના મોડલોનું અનોખુ સંગ્રહાલય છે. જેમાં વહાણો ઉપરાંત જે તે કાળમાં વપરાતા અન્ય ઉપકરણોની મોડલ સ્વરૂપે ઝાંખી કરાવે છે. ભારતનું પહેલુ શીપ ૫મી એપ્રિલ ૧૯૧૯માં મુંબઈથી લંડન વિદેશાગમન કર્યું હતું. તેનાં સ્મરણરૂપે ૧૯૬૪થી રાષ્ટ્રીય વહાણવટા દિવસ ઉજવાય છે.

વેરાવળ બંદરનો એક સમયે સુવર્ણકાળ હતો અને લાખો ટન માલની આયાત નિકાસ થતી પરંતુ ૧૯૯૭ પછી ઝાંખપ આવી અને ૨૦૦૩ પછી તો વિદેશી સ્ટીમર એકપણ આવી નથી. ૧૯૫૦ના દાયકામાં ખોળ, સિંગદાણા, કપાસ, ચોખા, તેલ, તેલીબીયાં, તલ સહિતની પરંપરાગત જણસીઓની નિકાસ અહીંથી થતી હતી.

## આણંદના ઓડ ખાતે બિયર ભરેલા બીનવારસી વાહનના કિસ્સામાં વોન્ટેડ બુટલેગર વડોદરામાં પકડાયો

આણંદ નજીક ઓર્ડર નામે બીયરનો જથ્થો ભરેલા બિનવારસી વાહન મળી આવવાના બનાવવામાં ચાર મહિના બાદ પોલીસે વડોદરામાંથી બુટલેગરને ઝડપી પાડયો છે.

ઓડ નજીક બની રહેલી જીઆઇડીસીના રોડ પર ગઈ તા. ૧૬ ડિસેમ્બરે એક ટેમ્પો મળી આવ્યો હતો. જેમાંથી ૯૧ હજારની કિંમતના ૯૬૦ બિયરના ટીન મળી આવી હતી.આ ગુનામાં વડોદરા પોલીસે અલ્કેશ ભલુભાઈ પરમાર (ગાયત્રી કૃપા સોસાયટી, બાજવા મૂળ દાહોદ) ને ગોત્રી મેડિકલ કોલેજ પાસેથી ઝડપી પાડી આણંદ પોલીસને સોંપવા માટે તજવીજ કરી છે. અલ્કેશ સામે અગાઉ જુદા જુદા પોલીસ સ્ટેશનમાં અડધો ડઝન જેટલા ગુના નોંધાયેલા હતા.

# ગાંધીનગરમાં ગરમીનો પારો ઉંચકાયો : સવારે ૩૦ ડિગ્રી તાપમાન, બપોરે ૪૨ ડિગ્રી પહોંચવાની શક્યતા



ગાંધીનગરમાં ગરમીનો પારો ફરી એકવાર ઊંચકાઈ રહ્યો છે. આજે શનિવારે સવારે તાપમાન ૩૦ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.બપોરના સમયે શહેરનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. આ તાપમાન છેલ્લા ૨૨ દિવસમાં સૌથી વધુ નોંધાયું છે. છેલ્લે ૧૧ માર્ચે આટલું ઊંચું તાપમાન નોંધાયું હતું.શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૦.૮ ડિગ્રી નોંધાયું છે. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા હતું.

# કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં NSUI અને યુવા કોંગ્રેસ ૪૦૦ કરતા વધુ હોદેદારો અને ૨૦૦ કરતા વધુ ગાડી સાથે સેવામાં રહેશે

અમદાવાદના સાબરમતીના તટ પર આગામી ૮ અને ૯ એપ્રિલના દિવસે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા માટે જઈ રહ્યું છે એવા સમયે દ્વર્જી અને યુવા કોંગ્રેસે પોતાનું આગોતરું આયોજન કરીને ૪૦૦ કરતા વધુ હોદેદારોની ટીમ ટીશર્ટ સાથે ૨૦૦ કરતા વધુ ગાડીની સેવા માટે છૈંઝઝ સભ્યો માટે કાર્યરત રહેશે તેવું ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાએ ગુજરાત પ્રદેશ દ્વર્જી પ્રમુખ નરેન્દ્ર સોલંકીની વિશેષે ઉપસ્થિતિ જણાવ્યું હતું.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાએ વધુમાં કહ્યું હતું કે સાબરમતીના તટ પર આગામી દિવસોમાં કોંગ્રેસ પાર્ટીનું રાષ્ટ્રીય અધિવેશ યોજવા માટે જઈ રહ્યું છે તે ગૌરવની વાત છે. ગુજરાતની ધન્ય ધરા પર ૬૪ વર્ષ પછી કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા માટે જઈ રહ્યું છે. દેશભરમાંથી આ અધિવેશનમાં ભાગ લેવા માટે નેતા આવી રહ્યું છે તેઓની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે તે દ્વર્જી અને યુથ કોંગ્રેસના હોદેદારો ૧૭૦૦ કરતા વધુ હોટેલના રૂમ પર સેવા માટે હાજર રહેશે અને ૨૦૦ કરતા વધુ ગાડી પણ સેવા માટે રાખવામાં આવી છે. છૈંઝઝના નેતાઓ બે દિવસ માટે રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લેવા માટે આવશે ત્યારે સંપૂર્ણ જવાબદારી દ્વર્જી અને યુવા કોંગ્રેસ સહાય કરશે. દરેક ડેલિગેટની સહાય કરવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં આવનાર છૈંઝઝના સભ્યોને સ્થળ સુધી પહોંચાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે અને પ્રાર્થના સભા અને સરદાર પટેલ સ્મારક પર દ્વર્જી અને યુવા કોંગ્રેસની ટીમ હાજર રહેશે. આ ટીમની આગેવાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ , ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા અને દ્વર્જી પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોંલકી કરી રહ્યા છે.આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય મંત્રી શીશસિંહ , પવન મજેઠીયા, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ડૉ. પ્રવિણસિંહ વણોલ, ડૉ. ઉપેન્દ્રસિંહ જાડેજા, મુકેશ આંજણા, આદિત્ય ઝૂલા, પ્રદેશ મંત્રી લક્ષ્મી ચૌહાણ અને દ્વર્જીના હોદેદારો હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.